



## કોમેડી વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી એવોર્ડ-2026

# વન્યજીવોની તસવીરોમાંથી નિપજતું હાસ્ય...

**પગરવ**

★ પ્રશસ્ત પંડયા

**વન્યજીવોની કેટલીક એવી હરકત તેમાં કેદ થઈ છે કે તેનાથી ચોક્કસ આપણે હસુ આવે**

અનેક ક્ષેત્રોમાં વિવિધ કેટેગરીના એવોર્ડ-સન્માન આપવામાં આવે છે. દુનિયાભરમાં સારું કામ કરનારાઓને પોરસવાનો સિલસિલો ચાલે છે; અને તેમાં કેટલાંક એવોર્ડ સાવ અનોખા છે. જેમ કે હાલમાં જેની ચર્ચા થઈ રહી છે તેઓ એક એવોર્ડ 'કોમેડી વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી એવોર્ડ-2026'ની છે. વાઈલ્ડલાઈફ એટલે કે વન્યજીવોની તસવીરો માટે વિશ્વમાં અનેક એવોર્ડ છે, પરંતુ વન્યજીવોની હાસ્ય નિપજાવતી તસવીરોને સન્માન-એવોર્ડ મળે તે વાત સાવ અનોખી છે. આ એવોર્ડની વાત અહીં એટલે પણ કરીએ છીએ કે હાલમાં જ વન્યજીવ સપ્તાહની ઉજવણી 2 ઑક્ટોબથી 8 ઑક્ટોબર વચ્ચે થઈ ગઈ. આમ તો 'કોમેડી વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી એવોર્ડ-2026'ની શરૂઆત દસ વર્ષ અગાઉ 2015માં થઈ ચૂકી હતી, પરંતુ આ એવોર્ડની પણ નોંધ લેવાય તે માટે સમય ગયો. ઉપરાંત વન્યજીવોની તસવીરો હવે તો ખૂબ આવે છે, પરંતુ વન્યજીવની તસવીરોમાં હાસ્યનું તત્વ હોય તે તો ઓર પડકારજનક બની જાય છે. વન્યજીવોની હાસ્ય ઉપજાવતી તસવીરોને એવોર્ડ આપવા માટે અત્યારે નિકોન કેમેરા કંપનીનો ફાળો છે, પરંતુ આવો એવોર્ડ હોવો જોઈએ તે અંગે પહેલ કરનારા પોલ જોયસન નામના ફોટોગ્રાફર જ હતા. પોલનું માનવું હતું કે લોકોને હસાવીને વન્યજીવોની વાતો વધુ સચોટ રીતે લોકો સુધી પહોંચાડી શકાશે. તેમના અન્ય એક સાથી ફોટોગ્રાફર ટોમ સુલ્લામ સાથે તેમણે આ પહેલ કેવી રીતે અમલી બને તે માટેના પ્રયાસ કર્યા અને હવે આ પ્રયાસ એવો થયો છે કે તેમાં વિશ્વના 112 દેશોમાંથી 10,000થી વધુ તસવીરો આવી છે. આ એન્ટ્રીમાં આવેલી તસવીરોમાં વન્યજીવોની સાવ એક અલગ દુનિયા કેદ થઈ છે. વન્યજીવોની કેટલીક એવી હરકત તેમાં કેદ થઈ છે કે તેનાથી ચોક્કસ આપણે હસુ આવે.

પ્રકૃતિના અનેક રંગ છે અને તે રંગો પોતાના કેમેરામાં ઝિલાય તે માટે ફોટોગ્રાફર દિવસ રાત તનતોડ મહેનત કરે છે. વન્યજીવોના તસવીરોની વાત આવે ત્યારે તો આ કાર્ય વધુ પડકારજનક બને છે. આ બાબતનો અંદાજો જે કોઈ વન્યજીવ વિશે થોડી ઘણી પણ માહિતી જાણતા હોય તે લગાવી શકે છે. જેમ કે વન્યજીવ સંબંધે કોઈ પણ તસવીર બનાવેલી નથી મળવાની, તે તસવીર માટે વન્યજીવના સમય પ્રમાણે ફોટોગ્રાફર કામ કરે છે. જોકે ફોટોગ્રાફરની આટઆટલી મહેનત છતાં તે સંબંધે વન્યજીવો પ્રત્યે જાગ્રતતા આવે છે કે નહીં તે અંગે પ્રશ્ન છે. તેથી જ પોલ જોયસને વિચાર્યું કે વન્યજીવોનું અત્યાર સુધી ન આવેલું સ્વરૂપ આપણે દુનિયાને બતાવીએ. બીજું કે તેમને આવું સૂઝ્યું તેનું એક કારણ તેમણે એવું આપ્યું હતું કે, 'આપણી દુનિયા અદ્વિતિય રીતે સુંદર છે અને પરસ્પર તે મજબૂત રીતે જોડાયેલી છે. જોકે માનવજાતિએ તેને નુકસાન પહોંચાડવામાં કોઈ કસર નથી છોડી. દુનિયાભરમાં વન્યજીવ સંરક્ષણ અને ટકાઉ બને તે માટે વધુ મહત્ત્વ મળી રહ્યું છે, પરંતુ તેની સાથે જોડાયેલી તસવીર કે સંદેશ હંમેશા નકારાત્મક કે નિરાશાજનક હોય છે! પોલનું આ નિવેદન વન્યજીવ તસવીરની એવી હારમાળા સર્જી કે હવે ફોટોગ્રાફરનો એક મોટો વર્ગ આ પ્રકારના ફોટાને ધ્યાનમાં રાખે છે.

એવોર્ડમાં જે ઈનામ મળે છે તેમાં પ્રથમ ઈનામ એક અઠવાડિયા માટે બે વ્યક્તિઓની કેન્યાની સફારીનું છે. કેન્યા-તાન્ઝીનીયાનો 'એલેક્સ વોકર સિરિયન' એક અદ્વિતિય સફારી કેમ્પ સાઈટ છે. આ જ ઈનામમાં બીજી હાથથી બનાવેલી અદ્ભૂત એક ટ્રોફી મળે છે. તે પછી 16 અને 25 વર્ષના વયમાં જુદા જુદા ઈનામ પણ છે, જેમાં ઈનામમાં કેમેરા છે. તે પછીના ક્રમમાં કેમેરાની કિટ ઈનામમાં સમાવિષ્ટ છે. હવે એવોર્ડમાં પસંદગી પામેલા તસવીરોની વાત. તેમાં વિવિધ પ્લેટફોર્મ પર જુદી જુદી તસવીરો આપણને જોવા મળે છે. તેમાં એક તસવીર બે રીંછોની છે. આ તસવીર લેનારા ચાર્લ્સ જેનસન નામના ફોટોગ્રાફર છે. તેમણે બે યુવાન રીંછોની તસવીર અલાસ્કામાં લીધી છે. બંને એકબીજા સાથે રમત રમતમાં લડી રહ્યા છે, જાણે બે વયસ્કો રીંછોની થનારી વાસ્તવિક લડાઈની જેમ તસવીર ઊભી કરે છે. જેનસનની આ તસવીરને લઈને એક કોમેન્ટ પણ આવી છે. તેઓ કહે છે કે, 'બે રીંછોની આ તસવીરને લઈને ચર્ચા થઈ રહી છે કે આ બંનેના ચહેરાના ભાવ માનવીય હાસ્ય ભાવથી કેટલા સમાન છે. પરંતુ હું એવું માનું છું કે તેઓ હસી રહ્યા છે.'

એ જ પ્રમાણે બીજી એક તસવીર મીરેકટ નામના સ્તનધારી વન્યજીવની છે. નામિબિયામાં લીધેલી આ ત્રણ મીરકેટની તસવીરમાં એક અન્ય મીરકેટના માથામાં કશું શોધખોળ કરી રહ્યો હોય તેમ છે. આ તસવીર લંડનમાં રહેનારા સુબી શ્રીધરને લીધી છે. ઘણી અંગ્રેજી એનિમેશન ફિલ્મમાં મીરકેટનું પાત્ર દાખવવામાં આવ્યું છે. આ વન્યજીવની લંબાઈ 10થી 14 ઈંચની હોય છે અને તેમનું વજન એક કિલોથી પણ ઓછું હોય છે. તસવીરમાં તેઓ ભલે અહીં આપેલી વિગત કરતાં વધુ કદના દેખાતા હોય, પરંતુ તે જીવ ખૂબ નાના હોય છે અને તેમની હરકત આમેય હસાવનારી હોય છે.

એક અન્ય તસવીર કેન્યાના મસાઈ મારા વિસ્તારમાં લીધેલી છે. આ તસવીર ત્રણ જીરાફની છે. આ ત્રણેય એક પર્વતીય ઘાસના ખુલ્લા મેદાનમાં ઊભા છે અને તેમાંથી વચ્ચેના જીરાફના પાછળનું એક વૃક્ષ બરાબર માથાની વચ્ચે તસવીરમાં આવ્યું છે, જેથી તસવીર એવી ઉપસે છે જાણે વચ્ચેના જીરાફના માથે વૃક્ષ ઉગ્યું હોય. આ તસવીર લેનારા ફોટોગ્રાફરનું નામ ડિર્ક કોસ્ટર છે. આ એવોર્ડ માટે પસંદગી પામેલી એક અન્ય તસવીર ભેંસની છે. આ ભેંસ એ રીતે ઘાસ-ફૂલોની વચ્ચે જઈને બેઠી છે, જાણે તેના ચહેરા પર ફૂલ-ઘાસ ઊગ્યા હોય તેવો આભાસ થાય. આ તસવીર લેનારા ફોટોગ્રાફર એન્ડી રાઉસ છે અને આ તસવીર શ્રીલંકના કુમાના તળાવ પાસે લેવાઈ છે. એક ભેંસની તસવીર આ સ્પર્ધામાં એન્ટ્રી લીધી છે તે આશ્ચર્યજનક લાગે, પરંતુ તસવીર જોતાં ખ્યાલ આવે કે આ એવોર્ડ માટે આ તસવીર પસંદગી પામે એવી છે. દુનિયાભરમાં જુદા જુદા પ્રદેશો અને વિવિધ વન્યજીવોની તસવીરો આ એવોર્ડમાં આવી છે. તેમાં એક તસવીર દક્ષિણ આફ્રિકાના હાથીઓની છે. તસવીર લેનારા હેન્નાહા દેતલ છે. તે તસવીરનું નામ છે 'ચીકી લિટલ એલિફન્ટ'. આ તસવીરમાં જોશો તો ખ્યાલ આવશે કે મસમોટાં ચાર હાથીઓની વચ્ચે એક નાનકડું મદનીયું મસ્તી કરી રહ્યું છે. તે જે પોઝમાં ઊભું છે તે સાવ અલભ્ય તસવીર છે. આ તસવીર સામાન્ય લાગે છે, પણ તે મેળવવા માટે રાત-દિવસ ફોટોગ્રાફરો વન્યજીવ પર એકીટશે નજર લગાવીને બેઠા હશે. આવી તક મળતાં જ તેઓ ક્લિક કરે છે. ફોટોગ્રાફીમાં આજે અદ્યતન ટેક્નોલોજી આવી ચૂકી છે. ફોટોગ્રાફીમાં ટેકનિકલ બાબતનું મહત્ત્વ ક્યારેય ઘટવાનું નથી, પરંતુ જે ક્ષણ કેપ્ચર કરવાની હોય તે માટે તો ફોટોગ્રાફરે ધીરજની સાધના જ કરવાની હોય છે. સ્પર્ધામાં આવેલી એક અન્ય તસવીરની એન્ટ્રી ચીનમાંથી થઈ છે. તસવીરકાર છે કા ચુન જેકી અને તેની તસવીર એક ઘુવડની છે. ઘુવડની મુખમુદ્રા સામાન્ય સંજોગોમાં પણ થોડી ભીતિ લાગે તેવી હોય છે. પણ અહીંયા તો તસીવરકારે જાણે ઘુવડ કોઈને ઘૂરતું હોય તેવી તસવીર લીધી છે. જોકે અહીં તસવીરકાર નોંધે છે કે ઘુવડની તસવીર પાડ્યા બાદ તે ટોર્ચના પ્રકાશથી ત્યાંથી ઊડી ચૂક્યું હતું. ચીન પછી ઓસ્ટ્રેલિયાની એક તસવીર કાંગારુની છે. તસવીરકાર હેથર સ્મિથ છે. જ્યાં કાંગારુની તસવીર લેવામાં આવી છે ત્યાં અનેક કાંગારુ હતા, પરંતુ તસવીરમાં માતા અને સંભવત્ તેનું બચ્ચું જાણે સંવાદ કરી રહ્યા હોય તેવી મુદ્રા કેદ થઈ છે.

આવી અનેક તસવીરો આ સ્પર્ધામાં આવી છે. તે તમામ તસવીરોની વિગતે વાત થઈ શકે. તેમના ફોટોગ્રાફરોના અનુભવ પણ નોંધી શકાય. પરંતુ હજુ તેની જૂજ વિગતો પ્રકાશમાં આવી છે. આ તસવીરોથી જો વન્યજીવ સુરક્ષાનો ઉદ્દેશ્ય થોડે અંશે પણ પૂર્ણ થતો હોય તો તે એવોર્ડની સાર્થકતા છે.

